પર્યાવરણપ્રિય અને આધુનિક મુસાફરી માટે તંત્રની કવાયત

વડોદરા સિટી બસ સેવાનો વ્યાપ વધશે: PM બસ યોજના હેઠળ વધુ ૩૦ નવી ઈ-બસો શહેરમાં આવી

નવી બસોનું રજિસ્ટ્રેશન પૂર્ણ કરી પ્રજાની સેવામાં મુકવાની તૈયારી

(પ્રતિનિધિ) વડોદરા તા.૪

વડોદરા શહેરના નાગરિકો માટે સાર્વજનિક પરિવહન ક્ષેત્રે એક અત્યંત મહત્વના અને રાહતના સમાચાર સામે આવ્યા છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના રહીશોની પરિવહન સુવિધામાં વધારો કરવાના હેતુથી 'પીએમ બસ સેવા' યોજના હેઠળ નવી ઈલેક્ટ્રિક બસો દોડાવવાની કામગીરી ઝડપી બનાવવામાં આવી છે. શહેરમાં પર્યાવરણ અનુકૂળ અને સ્વચ્છ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે તંત્ર દ્વારા 'ક્લીન મોબિલિટી' પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. હાલમાં વડોદરા શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર ૫૦ જેટલી પીએમ ઈ-બસો સફળતાપૂર્વક દોડી રહી છે, જેનાથી દૈનિક મુસાફરી કરતા હજારો નાગરિકોને મોટી રાહત મળી રહી છે. આ સુવિધાનો વ્યાપ વધુ વિસ્તારવા માટે કોર્પોરેશન દ્વારા વધુ ૩૦ નવી ઈ-બસો શહેરમાં લાવી દેવામાં આવી છે.

આમ, હવે શહેરમાં પીએમ બસોની કુલ સંખ્યા ૫૦ માંથી વધીને ૮૦ થઈ જશે. મહાનગરપાલિકાના સત્તાધીશોના જણાવ્યા અનુસાર, શહેરમાં આવી પહોંચેલી આ નવી ૩૦ બસો માટેની જરૂરી આર.ટી.ઓ. રજિસ્ટ્રેશન અને ક્લિયરન્સની પ્રક્રિયા હાલ પુરજોશમાં ચાલી રહી છે. આ તમામ કાનૂની અને તકનીકી પ્રક્રિયા પૂર્ણ થતાં જ ટૂંકા સમયમાં આ બસોને પ્રજાની સેવામાં કાર્યરત કરી દેવામાં આવશે. વડોદરા કોર્પોરેશન ૧૦૦ ટકા 'ક્લીન મોબિલિટી' તરફ આગળ વધી રહ્યું છે, જેનાથી શહેરના પ્રદૂષણમાં ઘટાડો થશે અને મુસાફરોને આધુનિક તથા આરામદાયક મુસાફરીનો અનુભવ મળશે.

જોકે, આ નવી ૩૦ બસોનું લોકાર્પણ કરીને ક્યારથી તેને રૂટ પર વિધિવત રીતે દોડાવવામાં આવશે તે અંગે શહેરીજનોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. ટૂંક સમયમાં જ તમામ પ્રક્રિયા પૂર્ણ કરી આ બસો વડોદરાના માર્ગો પર દોડતી જોવા મળશે.

મજુર કામદાર સહકારી મંડળી લી. રાવપુરામા ફડચા અધિકારીની નિમણુંક કરાઇ

વડોદરા : ધી ભારત વિધ્યુત અને મજુર કામદાર સહકારી મંડળી લી. ઠે.મામાની પોળ, રાવપુરા. વડોદરા (નોંધણી નં.૩-૧૧૯૯૯/૨૦૦૧, તા.૦૧/૦૮/૨૦૦૧) ને જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ વડોદરાની કચેરીના તા.૧૨/૦૬/૨૦૨૬ના ફડચા વચગાળા હુકમ જા.નં.ફડચ/૦૧/ઘ-૨/૨૮/૨૦૨૬ના હુકમથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ અન્વયે ફડચામાં લઈ જઈ ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવ્યા છે. જેમણે ગત તા.૧૬/૦૯/૨૦૨૬ના રોજ મંડળીના હોદેદારો પાસેથી ચાર્જ સંભાળી લીધો છે. તો જે કોઈનું આ મંડળી પાસે લ્હેણું કે માંગણું બાકી હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી એક માસમાં ઠે.અન્યોન્ય કો.ઓપ.બેંકના મકાનમાં, દાંડીયા બજાર,વડોદરા ખાતે આવેલ કચેરીએ રૂબરૂ સંપર્ક કરી તે અંગેના આધાર-પુરાવા સહીત નોંધાવવુ. સમય મર્યાદા બાદ કોઈ લ્હેણું કે માંગણું નોંધવામાં આવશે નહી.અને મંડળીના દફતરે થયેલ નોંધ મુજબ મંડળીને આટોપી લેવાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવશે.

કોયલીના ઈન્દિરાનગર ખાતે બ્યુટી પાર્લર અભ્યાસક્રમની પ્રમાણપત્ર વિતરણ વિધિ યોજાઈ

૨૬ મહિલા તાલીમાર્થીઓએ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી, MSUની પોલિટેકનિકનો સહયોગ

4564 56464 5664 64646 4646 6456 64 56564 56

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા નજીક કોયલીના ઈન્દિરાનગર ચારો ખાતે બ્યુટી પાર્લર અભ્યાસક્રમની પ્રમાણપત્ર વિતરણ વિધિ યોજાઈ હતી. આ અભ્યાસક્રમમાં કુલ છવ્વીસ મહિલા તાલીમાર્થીઓએ સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરી હતી. આ પહેલ પ્રોડએર એર પ્રોડક્ટ્સ પ્રા.લિ. કંપનીના સામાજિક ઉત્તરદાયિત્વ સહયોગથી શક્ય બની હતી, જ્યારે સ્વદેશ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા કોયલી સમુદાયની મહિલાઓને કૌશલ્ય આધારિત તાલીમ આપવામાં અગ્રેસર ભૂમિકા ભજવવામાં આવી હતી. પોલિટેકનિક થકી સમુદાય વિકાસની તેની પ્રતિબદ્ધતાના ભાગરૂપે મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયની પોલિટેકનિક સંસ્થા દ્વારા સફળ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણની કામગીરી સરળ બનાવીને આ પહેલને ટેકો આપવા આગળ આવી હતી. આ કાર્યક્રમમાં પોલિટેકનિક તરફથી ડો. આશિષ ગુરુજી અને મેઘા શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્વદેશ સંસ્થાના પ્રતિનિધિઓમાં મુખ્ય કાર્યકારી અધિકારી કામિની કંસારા અને પરિયોજના અધિકારી કલ્પના પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ઉદ્યોગ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેના સહયોગનું મહત્વ દર્શાવે છે, જે કૌશલ્ય વિકાસ, મહિલા સશક્તિકરણ અને સમુદાય વિકાસ માટે તકોનું નિર્માણ કરે છે. બ્યુટી પાર્લર અભ્યાસક્રમની સફળ પૂર્ણતા ભાગ લેનાર મહિલાઓને તેમની કુશળતામાં વધારો કરવામાં અને સ્વરોજગાર તથા આજીવિકા નિર્માણ માટેની તકો શોધવામાં મદદરૂપ થશે તેવી અપેક્ષા છે.

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયની પોલિટેકનિક સંસ્થા અર્થપૂર્ણ સમુદાય વિકાસ પહેલો માટે તેનો તકનીકી અને સંસ્થાકીય ટેકો વિસ્તારવા માટે પ્રતિબદ્ધ છે.

ગુજરાત નર્સિંગ કાઉન્સિલને નવી ટીમની રચના કરાઇ

ડૉ. એમ. એમ. પ્રભાકર પ્રમુખ, ઈકબાલ કડીવાલા ઉપપ્રમુખ બન્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.30

ગુજરાત નર્સિંગ કાઉન્સિલની નવી સમિતિની પ્રથમ બેઠક અમદાવાદમાં યોજાઈ હતી. પારદર્શક પ્રક્રિયા હેઠળ યોજાયેલી ચૂંટણીમાં ડૉ. એમ. એમ. પ્રભાકરની પ્રમુખ અને ઈકબાલ કડીવાલાની ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. બેઠકની અધ્યક્ષતા ડૉ. અનિલકુમાર નાયકે કરી હતી. રાજ્ય સરકાર અને કાયદા વિભાગ દ્વારા ગેઝેટ પ્રસિદ્ધ થયા બાદ યોજાયેલી બેઠકમાં તમામ સભ્યો હાજર રહ્યા હતા, જ્યારે એક સભ્ય અમેરિકાથી ઓનલાઈન જોડાયા હતા.

રજીસ્ટ્રાર ડૉ. પ્રજ્ઞાબેન ડાભીએ ગેઝેટ વાંચી સંભળાવ્યા બાદ નવી સમિતિની પ્રક્રિયા શરૂ થઈ હતી. પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે ત્રણ વખત જાહેરાત છતાં અન્ય કોઈ ઉમેદવારી ન નોંધાતા બંને પદે સર્વાનુમતે વરણી થઈ હતી. ત્યારબાદ વિવિધ કમિટીઓની રચના કરવામાં આવી હતી. કાઉન્સિલના જણાવ્યા મુજબ, ગુજરાત નર્સિંગ કાઉન્સિલે પરીક્ષા, ફી અને રજિસ્ટ્રેશન સહિતની પ્રક્રિયાના ડિજિટાઈઝેશનમાં દેશભરમાં આગવું સ્થાન મેળવ્યું છે. દર વર્ષે પી.જી., એ.એન.એમ., ડિપ્લોમા અને ડિગ્રી સહિતના અભ્યાસક્રમોમાંથી ૩૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થાય છે. ૨૦૧૪થી અત્યાર સુધી ૨૦ હજારથી વધુ નર્સિંગ વિદ્યાર્થીઓને રાજ્ય સરકારની સેવામાં નિયુક્તિ મળી છે. છેલ્લા દસ વર્ષમાં ૫૦થી વધુ GPSC ક્લાસ-૧ અને ક્લાસ-૨ નર્સિંગ અધિકારીઓ પણ મળ્યા છે. આદિવાસી વિસ્તારોમાં નર્સિંગ કોલેજોના વિસ્તરણથી વિદ્યાર્થીઓને ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણની તકો મળી રહી છે. કાઉન્સિલે કોવિડકાળ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા દર્દીઓની સેવા અને નર્સિંગ શિક્ષણના વિસ્તરણને પણ મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી હતી.

ખાતામાંથી રકમ ઉપડી જતા યુવક પણ ચોક્યો

OTP શેર કર્યા વિના રેલવે કર્મચારીના બેંક ખાતામાંથી રૂ.૬૮ હજાર ટ્રાન્સફર થઈ ગયા

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના ન્યૂ મકરપુરા કોર્નકોન રેલવે ગોડાઉનમાં નોકરી કરતા 26 વર્ષીય કર્મચારીના બેંક ખાતામાંથી અજાણ્યા શખસે OTP મેળવ્યા બાદ રૂ.18 હજાર ઉપાડી લીધા હતા. OTP કોઈને આપ્યો ન હોવા છતાં ખાતામાંથી રકમ ઉપડી જતા સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. વડોદરાના ઈંટોલા વિસ્તારમાં રહેતા મિથલેશકુમાર સુરેન્દ્રરાય યાદવ છેલ્લા બે વર્ષથી ન્યૂ મકરપુરા કોર્નકોન રેલવે ગોડાઉનના મકાનમાં રહે છે અને ત્યાં સર્વેયર તરીકે નોકરી કરે છે. તા.22 સપ્ટેમ્બરના રોજ સવારે તેઓ નોકરી પર હાજર હતા ત્યારે તેમના મોબાઈલ ફોન પર અચાનક OTP આવ્યો હતો. જોકે, તેમણે આ OTP કોઈ વ્યક્તિ સાથે શેર કર્યો ન હતો. OTP આવ્યા બાદ થોડા સમયની અંદર તેમના મોબાઈલ પર બેંક ટ્રાન્ઝેક્શનનો મેસેજ આવ્યો હતો. મેસેજ જોતા તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.68 હજારની રકમ ટ્રાન્સફર થઈ હોવાનું જાણવા મળ્યું હતું. તેમણે પોતે કોઈ નાણાં ટ્રાન્સફર કર્યા ન હોવાનું તેમજ કોઈને OTP આપ્યો ન હોવાનું જણાવતાં સાયબર ફ્રોડ થયાની જાણ થઈ હતી. તેમણે પોતાના મોબાઈલ પરથી સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ફોન લાગ્યો ન હતો. જેથી તેમણે મેનેજર રમેશચંદ્ર મિશ્રાને જાણ કરી હતી અને તેમના મોબાઈલ પરથી 1930 પર ફરિયાદ નોંધાવી હતી.

વડોદરા પાલિકાની સરાહનીય પહલ, સફાઈ કર્મચારીઓનું સન્માન અને હેલ્થ ચેકઅપ

વડોદરા : શહેરને સ્વચ્છ અને સુઘડ રાખવામાં મહત્વપૂર્ણ યોગદાન આપતા પાલિકાના સફાઈ કર્મચારીઓના આરોગ્યની જાળવણી અને તેમના કાર્યની કદર કરવાના હેતુથી એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરની એસ.એસ.જી. હોસ્પિટલના પ્રાંગણમાં સફાઈ મિત્રો માટે વિનામૂલ્યે હેલ્થ ચેકઅપ કેમ્પ અને ઉત્કૃષ્ટ સેવા આપનાર સફાઈ કર્મચારીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. શહેરમાં છેલ્લા એક મહિનાથી ચાલી રહેલા 'સ્વચ્છતાથી સ્વાગત' કાર્યક્રમ અને આરોગ્યલક્ષી અભિયાનના ભાગરૂપે આ વિશેષ શિબિરનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત વડોદરાના જુદા જુદા વોર્ડ અને વિસ્તારોમાં નિષ્ઠાપૂર્વક અને શ્રેષ્ઠ કામગીરી કરનાર સફાઈ મિત્રોને પ્રોત્સાહિત કરવા માટે તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

“છોકરું સચવાતુ નથી તો પેદા શું કરવા કરો છો ?”

સયાજી હોસ્પિટલના બાળરોગ વિભાગમાં ડૉક્ટરની અસભ્ય ભાષા અને દાદાગીરી

સારવાર માટે કલાકોથી રાહ જોતી માતાઓ પર તબીબ ગુસ્સે ભરાઈને મારવા દોડ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

શહેરની સયાજી હોસ્પિટલમાંથી એક અત્યંત ચોંકાવનારી અને અસંવેદનશીલ ઘટના સામે આવી છે. હોસ્પિટલના બાળરોગ વિભાગમાં ફરજ બજાવતા એક તબીબ દ્વારા સારવાર માટે આવેલી માતાઓ સાથે અત્યંત અસભ્ય ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ થયો છે. એટલું જ નહીં, દર્દીઓ સાથે ઉદ્ધતાઈથી વર્તીને તબીબ મારવા માટે પણ ઊભા થઈ ગયા હોવાના આક્ષેપોથી ભારે રોષ ફેલાયો છે. દૂર-દૂરથી પોતાના નાના બાળકોને લઈને સારવાર માટે હોસ્પિટલે પહોંચેલી માતાઓને કલાકો સુધી બેસાડી રાખવામાં આવી હતી. જ્યારે માતાઓએ સમયસર સારવાર બાબતે પૂછપરછ કરી, ત્યારે સંબંધિત ડૉક્ટર દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે, અમારી પાસે ઘણા બધા દર્દીઓ છે, સમય મળશે ત્યારે સારવાર થશે. આટલેથી સંતોષ ન હોય તેમ, ડૉક્ટર ગુસ્સે ભરાઈને દર્દીઓને મારવા માટે પણ ધસી આવ્યા હતા તેવું પીડિતો જણાવી રહ્યા છે. આણંદથી પોતાની દિવ્યાંગ બાળકીની સારવાર માટે આવેલાં નીલમબેન મહિપતભાઈએ આપવીતી જણાવતા કહ્યું હતું કે, સવારના ૮ વાગ્યાથી લાઈનમાં ઊભા રહેવા છતાં કોઈ યોગ્ય જવાબ આપવામાં આવ્યો ન હતો અને હોસ્પિટલનો સ્ટાફ માત્ર ગોળ-ગોળ ફેરવતો હતો. વધુમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે, સ્ટાફ દ્વારા અત્યંત અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ડોક્ટરે એવું કહ્યાનો આક્ષેપ છે કે, છોકરું સચવાતું નથી તો પેદા કેમ કરો છો! સરકારી હોસ્પિટલના તબીબોની આ અમાનવીય અને ઉદ્ધત વર્તણૂકથી કંટાળીને માતાઓ નાછૂટકે પોતાના નાના અને બીમાર બાળકોને લઈને હોસ્પિટલમાંથી બહાર નીકળી જવા મજબૂર બની હતી.

રસ્તા પર સર્જાયેલી સમસ્યાથી લોકોમાં રોષ

જ્યુબિલી બાગ પાસે રોડ બેસતા ભુવો પડ્યો, વાહનચાલકો પરેશાન

વગર વરસાદે અને વગર ચોમાસે રોડ પર ભુવા પડતા તંત્ર દ્વારા કરાયેલી કામગીરી અંગે અનેક સવાલો ખડા થયા છે

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરાના જ્યુબિલી બાગ પાસે રોડ બેસી જતાં ભુવો પડ્યો હોવાની ઘટના સામે આવી છે. રોડ બેસી જતાં વાહનચાલકોને અવરજવર દરમિયાન ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ તંત્ર દ્વારા રોડ પર કામકાજ ચાલી રહ્યું છે, ત્યારે બીજી તરફ રોડ બેસી જવાથી સર્જાયેલી સ્થિતિને કારણે સ્થાનિકો અને વાહનચાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે. આ સમગ્ર મામલે સામાજિક કાર્યકરે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, રોડની કામગીરી વચ્ચે આવી રીતે ભુવો પડવો અને વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે તે ગંભીર બાબત છે. તેમણે તંત્ર દ્વારા સમગ્ર મામલે તાત્કાલિક ધ્યાન આપી ભુવો પુરવાની તેમજ રસ્તાની યોગ્ય કામગીરી કરવાની માંગ કરી છે. રસ્તા પર સર્જાયેલી આ સ્થિતિને કારણે કોઈ અકસ્માત ન સર્જાય તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

યુવક્ત ગણેશોત્સવ દરમિયાન દર્શને ગયો હતો

અણખીના યુવકના ખાતામાંથી એકાએક રૂ.૫૦ હજાર ઉપડી ગયા

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના અણખી વિસ્તારમાં રહેતા અને પોર GIDC ખાતે આવેલી એક કંપનીમાં કોન્ટ્રાક્ટર તરીકે નોકરી કરતા અમિતસિંહ ચૌહાણ પરિવાર સાથે રહે છે. તેઓ પોર બ્રાન્ચની એક્સિસ બેન્કમાં ખાતું ધરાવે છે અને આ ખાતા મારફતે નાણાકીય વ્યવહારો કરતા હતા. તા.25 સપ્ટેમ્બરના રોજ અમિતસિંહ પરિવાર સાથે પોર ગામમાં ગણપતિ દર્શન કરવા ગયા હતા. દરમિયાન રાત્રે આશરે 9.50 વાગ્યાના અરસામાં તેમના મોબાઈલ ફોન પર સતત OTPના મેસેજ આવવા લાગ્યા હતા. અમિતસિંહે કોઈને પણ OTP આપ્યો ન હતો. જોકે, થોડા સમય બાદ બેન્ક તરફથી આવેલા મેસેજમાં તેમના ખાતામાંથી રૂ.50 હજાર ઉપડી ગયાનું માલૂમ પડ્યુ હતું. બેન્ક ટ્રાન્ઝેક્શનમાં રૂ.50 હજારની રકમ UPI/P2A મારફતે Mr Mohammad Saheb નામના ખાતામાં ટ્રાન્સફર થયેલી હોવાનું સામે આવ્યું હતું. પોતે કોઈ ટ્રાન્ઝેક્શન કર્યું ન હોવા છતાં ખાતામાંથી રકમ ઉપડી જતા અમિતસિંહને સાયબર ફ્રોડ થયાની જાણ થઈ હતી. આ અંગે તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર ફોન કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ બાદ બીજા દિવસે પોરની એક્સિસ બેન્કમાં જઈ બેન્ક હેલ્પલાઈન મારફતે પોતાનું ખાતું બંધ કરાવી દીધું હતું. પોલીસે આ મામલે અજાણ્યા શખસ વિરુદ્ધ સાયબર ફ્રોડનો ગુનો નોધી તપાસ હાથ ધરવામાં આવી છે.

ફતેગંજની મોદી ખાના પીવાના પાણીમાં ગટરનું પાણી ભળતાં હાલાકી, ૧૦ દિવસથી તંત્ર નિષ્ક્રિય

વારંવારની રજૂઆતો છતાં અધિકારીઓ અને કોર્પોરેટરો ગાયબ હોવાનો સ્થાનિકોનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલી સરદાર બજારની મોદી ખાના છેલ્લા ૧૦ દિવસથી પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, ઘરોમાં નળ વાટે પીવાના પાણીની જગ્યાએ દુર્ગંધયુક્ત ગટરનું પાણી આવી રહ્યું છે. પાણીમાં કચરાના ટુકડા પણ આવી રહ્યા હોવાથી ઘરોની ટાંકીઓ ગંદી થઈ ગઈ છે અને તેનો વપરાશ કરવો અશક્ય બન્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે ભૂતકાળમાં આવી મુશ્કેલી નહોતી, પરંતુ વોર્ડ નંબર ૩ના તંત્ર દ્વારા જે નવી લાઈન નાખવાની કામગીરી કરવામાં આવી અને રસ્તો ખોદવામાં આવ્યો તે પછીથી આ સમસ્યા વધી ગઈ છે. આ ગંભીર બાબતે મોહલ્લાના લોકો દ્વારા વોર્ડ ઓફિસમાં અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ પાલિકાના કર્મચારીઓ માત્ર ગટરનું ઢાંકણું ખોલી તપાસ કરવાનો ડોળ કરી જતા રહે છે, કોઈ કાયમી નિરાકરણ લાવવામાં આવતું નથી. આ ઉપરાંત, વિસ્તારના ચૂંટાયેલા કોર્પોરેટરો કે અધિકારીઓ પણ સ્થળ પર સાંભળવા આવતા નથી. દૂષિત પાણીના લીધે લોકો બીમાર પડી રહ્યા છે. સ્થાનિકોએ ચીમકી આપતાં જણાવ્યું છે કે જો ગંદા પાણીના કારણે કોઈ મોટો રોગચાળો ફાટી નીકળશે કે જાનહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી મહાનગરપાલિકા તંત્ર અને સ્થાનિક પ્રતિનિધિઓની રહેશે.

અમે તંત્રને જગાડીએ છીએ, પણ તંત્ર તો કુંભકર્ણની નિંદ્રામાં છે !

રાત્રિના સમયે SSGનો લાચાર વહીવટ, ઈમરજન્સી વોર્ડ બહાર વ્હીલચેર-સ્ટ્રેચર કે સિક્યુરિટી ગાર્ડ ગાયબ

અધિકારી MLO ની આંખ સામે જ પરિવારજને દર્દીને ઊંચકીને દોડવું પડ્યું, કાગળ પરની સુવિધાઓ રાત્રે ઊંઘે છે ?

(પ્રતિનિધિ) વડોદરા તા.૪

મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલનો વધુ એક અરીસો દર્શાવતો કાળજું કંપાવતો વીડિયો સામે આવ્યો છે. અહીં રાત્રિના સમયે સારવાર અર્થે આવતા દર્દીઓની હાલત ભગવાન ભરોસે ચાલી રહી છે, જેની પ્રતીતિ કરાવતી આ ઘટનાએ સમગ્ર તંત્રની પોલ ખોલી નાખી છે. સામને આવેલા એક વીડિયોમાં જે દ્રશ્યો જોવા મળ્યા છે તે કોઈ લોહિયાળ યુદ્ધના મેદાનના નથી, પરંતુ સરકારી હોસ્પિટલના કટોકટી વિભાગના છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે એક અસહાય પરિવારજન પોતાના દર્દીને સ્ટ્રેચર કે વ્હીલચેરના અભાવે જાતે જ ઊંચકીને ઈમરજન્સી વોર્ડ તરફ દોડી રહ્યો છે. હોસ્પિટલના તાત્કાલિક વિભાગ બહાર રાત્રિના સમયે ન તો કોઈ સિક્યુરિટી ગાર્ડ નજરે પડ્યો કે ન તો કોઈ વોર્ડ બોય કે કર્મચારી. દર્દીઓની સેવા માટે વ્હીલચેર કે સ્ટ્રેચર જેવી પ્રાથમિક સુવિધાઓ પણ જાણે 'વીઆઈપી' બની ગઈ હોય તેમ ગાયબ જોવા મળી હતી. આ સ્થિતિ જોતા એવું લાગે છે કે સયાજી હોસ્પિટલનું તંત્ર માત્ર સૂર્યના અજવાળામાં જ કામ કરે છે અને રાત્રે ઘોર નિંદ્રામાં સરી જાય છે.

આ સમગ્ર ઘટનાનો સૌથી શરમજનક બાબત એ છે કે, જે સમયે પરિવારજન દર્દીને પોતાના ખભા કે હાથ પર ઊંચકીને જઈ રહ્યો હતો, તે જ સમયે ઘટનાસ્થળે એક MLO પણ હાજર હતા. અધિકારીની નજર સામે જ આ માનવતાને શરમમાં નાખતી ઘટના બની રહી હતી, છતાં 'મૂક દર્શક' બનેલા આ અધિકારીને રોકવાની કે મદદ કરવાની તસ્દી સુદ્ધાં ન લીધી. આ દ્રશ્ય જોઈને જનતાના મનમાં સવાલ થાય છે કે, શું હોસ્પિટલના આ સત્તાધીશો માત્ર હાજરી પૂરવા માટે જ પગાર લે છે ? આક્ષેપો થઈ રહ્યા છે કે રાત્રિના સમયે પૂરતા સર્વન્ટ કે અટેન્ડન્ટ હાજર ન હોવાના કારણે દર્દીના સ્વજનોને જ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં સ્ટ્રેચર શોધવા કે દર્દીને ઊંચકવાની ફરજ પડી રહી છે. કરોડો રૂપિયાનું બજેટ ધરાવતી આ હોસ્પિટલમાં જો રાત્રે એક સ્ટ્રેચર કે વ્હીલચેર સમયસર ન મળી શકે, તો પછી 'મફત અને ઉત્તમ સારવાર'ના દાવાઓ માત્ર કાગળની કલ્યાણકારી વાતો જ સાબિત થાય છે. હવે જોવું રહ્યું કે, આ વીડિયો સામે આવ્યા બાદ ઊંઘમાંથી જાગતું હોસ્પિટલ તંત્ર કાગળ પર કોઈ તપાસનું નાટક કરીને સંતોષ માની લે છે કે ખરેખર દર્દીઓની સુવિધા માટે કોઈ નક્કર પગલાં લે છે.

ખેલ મહાકુંભ 2026માં ઝોન કક્ષાની ખો-ખો સ્પર્ધામાં કવિ દુલાકાગ પ્રાથમિક શાળા પીએમસી ગુજરાત અવ્વલ

વડોદરા : વડોદરા શહેર ની ખેલ મહાકુંભની ઈસ્ટ ઝોનની ખો-ખો સ્પર્ધા દરજીપુરા ખાતે યોજાઈ. જેમાં અત્રેની શાળાની કુમાર અને કન્યા ની બંને ટીમોએ ભાગ લીધેલ હતો. સદર શાળાની બંને ટીમોએ સુંદર પ્રદર્શન કરી પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળા અને સમિતિ નું ગૌરવ વધારેલ છે. બાળકોને તૈયાર કરનાર શિક્ષક શ્રી ચંદ્રસિંહ ભાઈ ને સમગ્ર શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

Fusion Finance

ફ્યુઝન ફાઇનાન્સ લિમિટેડ
રજિસ્ટર્ડ ઓફિસ સરનામું: H-1, C બ્લોક, કમ્યુનિટી સેન્ટર, નારાયણા વિહાર, નવી દિલ્હી - 110028, ભારત.
કોર્પોરેટ ઓફિસ: પ્લોટ નં. 86, ઇન્સ્ટિટ્યુશનલ સેક્ટર 32, ગુરુગ્રામ, હરિયાણા - 122001, ભારત.
CIN: L65100DL1994PLC061287 | વેબસાઇટ: www.fusionfin.com

જાહેર નોટિસ

આથી જાહેર જનતા અને અમારા આદરણીય ગ્રાહકોને જણાવવામાં આવે છે કે, તેમની સુવિધા માટે ફ્યુઝન ફાઇનાન્સ લિમિટેડની નીચે દર્શાવેલ કલોલ MFI શાખા 01/01/2027થી કાયમી ધોરણે સ્થાનાંતરિત/બદલવામાં આવશે. 02/01/2027થી કલોલ MFI શાખાના તમામ ગ્રાહકોને નવા સરનામેથી સેવાઓ પૂરી પાડવામાં આવશે. ગ્રાહકોને વિનંતી છે કે તે તેમની નોંધ લે [illegible]

1. સ્થાનાંતરિત થનાર શાખાનું નામ અને સરનામું (જૂનું સરનામું)	M/s ફ્યુઝન ફાઇનાન્સ લિમિટેડ, C/O શ્રી રમણ ભાઈ [illegible] પ્રથમ માળ, ડેરોલ રોડ, કલોલ, જી.-પંચમહાલ, રાજ્ય-ગુજરાત, પિન-389330
2. વૈકલ્પિક શાખાનું નામ અને સરનામું (પોર્ટફોલિયો ટ્રાન્સફર) (નવું સરનામું)	M/s ફ્યુઝન ફાઇનાન્સ લિમિટેડ, C/O શ્રી પટેલ [illegible], મકાન નં.-A1, [illegible], ડેરોલ રોડ, કલોલ, જી.-પંચમહાલ, રાજ્ય-ગુજરાત, પિન-389330
સ્થાનાંતરણ/બદલવાની તારીખ:	01/01/2027

અમે અમારા ગ્રાહકોને ખાતરી આપીએ છીએ કે, આ પ્રક્રિયા દરમિયાન ગ્રાહકોને કોઈ અસુવિધા કે વિક્ષેપ ન પડે તે માટે કંપની પૂરતી કાળજી લઈ રહી છે. કલોલ MFI શાખાના તમામ સંબંધિત ગ્રાહકોના હાલના MFI લોન ખાતા સીમલેસ રીતે નવા સરનામે ટ્રાન્સફર કરવામાં આવશે. હાલના કરારોના નિયમો અને શરતોમાં કોઈ ફેરફાર થશે નહીં. કોઈ પણ સ્પષ્ટતા અથવા સહાયતા માટે ગ્રાહકો બ્રાન્ચ મેનેજર અથવા કંપનીનો સંપર્ક કરી શકે છે:ટોલ-ફ્રી નંબર (સવારે 7:00થી રાત્રે 8:00): 18001037808।ઇમેઇલ ID: customercare@fusionfin.com

સ્થળ: ગુજરાત તારીખ: 01/10/2026 ફ્યુઝન ફાઇનાન્સ લિમિટેડ વતી, સહી/-, અધિકૃત અધિકારી

HDFC BANK
We understand your world

એચડીએફસી બેંક લિમિટેડ
શાખા : ચોથો માળ, સી વિંગ, શીતલ વેસ્ટપાર્ક ઇમ્પેરિયા, આલ્ફા વન મોલ ઉપરાંત, વસ્ત્રાપુર તળાવ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૫૨

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ સુરક્ષા હિત (અમલબજવણી) નિયમો ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાતી

જ્યારે નીચે સહી કરાયેલ એચડીએફસી બેંક લિમિટેડના અધિકૃત અધિકારી (અગાઉની એચડીએફસી લિમિટેડ, જેણે માનનીય એનસીએલટી-મુંબઈ દ્વારા ૧૭ માર્ચ, ૨૦૨૩ ના રોજના આદેશ દ્વારા મંજૂર કરાયેલ જોડાણની યોજનાને કારણે એચડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાણ કર્યું હતું) (એચડીએફસી) સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, સુરક્ષા હિત (અમલબજવણી) નિયમો ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવે છે, જેમાં ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે, જેમાં ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો / કાનૂની પ્રતિનિધિઓ (ઓ) ને અહીં સૂચિબદ્ધ કરવામાં આવી છે, જે સંબંધિત માંગ નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે, નીચે આપેલી વિગતો મુજબ, સંબંધિત નોટિસ/ની તારીખથી 60 દિવસની અંદર. નીચે સહી કરાયેલા લોકોએ, આ નોટિસોને ઉક્ત ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદાર (ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ના છેલ્લા જાણીતા સંબંધિત સરનામાંના પરિસરમાં ચોંટાડવામાં આવી છે. ઉપરોક્ત નોટિસની નકલો ઓછી સહી કરાયેલી વ્યક્તિ પાસે ઉપલબ્ધ છે, અને ઉક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિઓ, જો તેઓ ઇચ્છે તો, ઓફિસના સામાન્ય કલાકો દરમિયાન કોઈ પણ કામકાજના દિવસે અન્ડરસહી કરેલી પાસેથી સંબંધિત નકલ એકત્રિત કરી શકે છે.

ઉપરોક્ત સંબંધે, ઉપરોક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિઓ(ઓ) ને એચડીએફસીને ચુકવણી કરવા માટે આ નોટિસના પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર, નીચે જણાવેલ તારીખોમાંથી ઉપરોક્ત ડિમાન્ડ નોટિસમાં ઉલ્લેખિત વિગતો અનુસાર, વધુ વ્યાજ સાથે, કોલમ (સી) માં નીચે જણાવેલી તારીખોથી ચુકવણીની તારીખ અને / અથવા પ્રાપ્તિની તારીખ સુધી, વધુ વ્યાજ સાથે, એચડીએફસીને ચૂકવણી કરવા માટે નોટિસ આપવામાં આવે છે, લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લખાણો, જો કોઈ હોય તો, ઉક્ત ઋણલેનાર (ઓ) દ્વારા અમલમાં મૂકવામાં આવ્યા છે તેની સાથે વાંચો. લોનની યોગ્ય પુનઃચુકવણી માટેની જામીનગીરી તરીકે, નીચેની સિક્યોર્ડ એસેટ્સ(ઓ)ને ઉપરોક્ત ઋણલેનાર (ઓ) દ્વારા અનુક્રમે એચડીએફસી પાસે ગીરવે મૂકવામાં આવી છે.

ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિ(ઓ) / કાનૂની પ્રતિનિધિ(ઓ) સુરક્ષિત અસ્કયામત/ઓ રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

ક્રમ ન.	ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓનું નામ	કુલ બાકી લેણાં	ડિમાન્ડ નોટિસ તારીખ	સ્થાવર મિલકત(ઓ) / સિક્યોર્ડ એસેટ(ઓ) નું વર્ણન
એ	બી	સી	ડી	ઈ
1	પત્ની/પુત્ર/પુત્રી શ્રી શર્મા ગોપાલ [મૃત્યુ થયા પછી] અને અન્ય જાણીતા અને અજાણ્યા કાનૂની વારસદાર, કાનૂની પ્રતિનિધિ, ઉત્તરાધિકારી અને સોંપાયેલા શ્રી શર્મા ગોપાલ [મૃત્યુ થયા પછી] (ઉધાર લેનાર)	૩૧-૦૭-૨૦૨૬ ના રોજ રૂ. ૧,૬૯,૪૪૪/- અને રૂ. ૨૫,૮૮,૬૪૫/-*	૦૯.૦૯.૨૦૨૬	યુનિટ-બી/૪૦, દર્શન પાર્ક સોસાયટી, આર.એસ. નં. ૧૮૪/૪, સ્નેહલ પ્રિન્ટિંગ પ્રેસની સામે, ન્યુ વીઆઇપી રોડ, હરણી, વડોદરા: ૩૯૦૦૨૨

*લાગુ પડતું હોય તે રીતે વધુ વ્યાજ, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જીસ વગેરે સાથે ચૂકવણીની તારીખ અને/અથવા પ્રાપ્તિની તારીખ સુધી કરવામાં આવે છે.

જો ઉપરોક્ત ઋણલેનારઓ ઉપરોક્ત મુજબ એચડીએફસીને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો એચડીએફસી ઉપરોક્ત કાયદાની કલમ 13 (4) હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ્સ(ઓ) / સ્થાવર મિલકત (ઓ) અને લાગુ પડતા નિયમો સામે ખર્ચ અને પરિણામો અંગે ઉપરોક્ત ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદાર (ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ના જોખમે સંપૂર્ણપણે લાગુ નિયમો સામે કાર્યવાહી કરશે.

ઉપરોક્ત ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ઉપરોક્ત કાયદા હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ (ઓ) / સ્થાવર મિલકત (ઓ) ને સ્થાનાંતરિત કરવા માટે પ્રતિબંધિત છે, પછી ભલે તે એચડીએફસીની આગોતરી લેખિત સંમતિ વિના વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા હોય. કોઈ પણ વ્યક્તિ કે જે તે હેઠળ કરવામાં આવેલા કાયદા અથવા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા તેને ઉત્તેજન આપે છે, તો તે અધિનિયમ હેઠળ જોગવાઈ કર્યા મુજબ કારાવાસ અને/ અથવા દંડને પાત્ર થશે.

એચડીએફસી બેંક લિ.
સહી/-
અધિકૃત અધિકારી

તારીખ : ૨૯.૦૯.૨૦૨૬
સ્થળ : વડોદરા

રજિસ્ટર્ડ ઓફિસ: એચડીએફસી બેંક લિમિટેડ, એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૩. CIN: L65920MH1994PLC080618 વેબસાઇટ: www.hdfcbank.com